MaruGujarat.in

GPSSB Sub Instructor 24-07-2022 Question Paper - Series B

001. હિંદુ શાસ્ત્રો અનુસાર ધર્મનું તાત્પર્ય નીચે પૈકી કયું છે?

(A) શક્તિઓમાં વિશ્વાસ

(B) ઇશ્વરમાં વિશ્વાસ

(C) કર્તવ્યોનું પાલન કરવું

(D) ધાર્મિક કર્મકાંડો કરવા

002. નિમ્નલિખિત પૈકી કયા સમાજશાસ્ત્રીએ જનજાતિના લોકોને પછાત હિંદુ ગણાવ્યા છે?

(A) હટ્ટન

(B) જી.એસ.ધુરિયે

(C) ઠક્કર બાપા

(D) વેરિયર એલ્વિન

003. નીચે આપેલ કથનો ઉપર વિચાર કરો:

(૧) દક્ષિણ સૌરાષ્ટ્રના કિનારાને બાદ કરતા ગુજરાતનો કિનારો સામાન્ય રીતે ભરતીથી રચાયેલા સપાટ વિસ્તારો (Tidal Flats) અને ક્ષારીય કાદવ કીચડવાળો છે.

(૨) નર્મદા અરબ સાગરને મળે છે, ત્યાં તેનો પટ ૭ કી.મી. પહોળો છે, તે 'કોપાલીની ખાડી' તરીકે ઓળખાય છે.

ઉપર્યુક્ત કથનોને ધ્યાનમાં રાખતા નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) ફક્ત કથન ૧ સાચુ છે.

(B) ફક્ત કથન ૨ સાચુ છે.

(C) કથન ૧ અને કથન ૨ બંન્ને સાચા છે.

(D) કથન ૧ અને કથન ૨ બંન્નેમાંથી એકપણ સાચું નથી.

004. નીચે પૈકી કયી નદી સૌરાષ્ટ્રની મુખ્ય નદીઓ પૈકીની નથી?

(A) આજી

(B) શેત્રુંજી

(C) ભાદર

(D) કનકાવતી

005. જો શુક્ર બુધ કરતા વધુ પ્રકાશવાન છે, બુધ ગુરુ કરતા વધુ પ્રકાશવાન નથી, ગુરુ શુક્ર કરતા વધુ પ્રકાશવાન છે પરંતુ પ્લુટો કરતા વધુ પ્રકાશવાન નથી,. તો નીચે પૈકી સૌથી વધુ પ્રકાશવાન ગ્રહ કયો?

(A) ગુરૂ

(B) બુધ

(C) શુક્ર

(D) પ્લુટો



PariksaPath · pariksapath.in

MaruGujarat.in



006. જો 'MOBILE' નું કોડિંગ 'NPCJMF' તરીકે કરવામાં આવે તો 'COMPUTER' નું કોડિંગ નીચે પૈકી શું થશે ?

(A) DPNQVUFS (B) CPNQVUFS

(C) DPNQUUFS (D) DRNQVUFS

007. નિમ્નલિખિત કથનો ઉપર વિચાર કરો :

(૧) ચાર્ટર એક્ટ ૧૮૫૩ દ્વારા ઇસ્ટ ઇંડીયા કમ્પનીના ભારતીય વ્યાપારનો એકાધિકારને સમાપ્ત કરવામાં આવ્યો.

(૨) ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૮૫૮ અંતર્ગત બ્રિટિશ સંસદે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના શાસનને પૂર્ણતઃ સમાપ્ત કરીને ભારતમાં સીધું શાસન કરવાનું ઉત્તરદાયિત્વ ગ્રહણ કર્યું.

ઉપર્યુક્ત કથનોને ધ્યાનમાં રાખતા નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે ?

(A) ફક્ત કથન ૧ સાચુ છે

(B) ફક્ત કથન ૨ સાચુ છે

(C) કથન ૧ અને કથન ૨ બંન્ને સાચા છે

(D) કથન ૧ અને કથન ૨ બંન્નેમાંથી એકપણ સાચું નથી

008. નીચે પૈકી કયા પહેલા ભારતીય રાજાએ મુહમ્મદ ઘોરીને હરાવ્યો હતો ?

(A) અજમેરનો ચૌહાણ શાસક પૃથ્વીરાજ

(B) કન્નોજનો ગડવાલ શાસક જયચંદ

(C) બંગાળનો સેન શાસક લક્ષ્મણસેન

(D) ગુજરાતનો સોલંકી શાસક ભીમદેવ બીજો

009. ગામ નીચે પૈકી કોનું ઉદાહરણ છે?

(A) સંસ્થા (B) સમુદાય

(C) સમિતિ (D) સમુહ

010. નીચે પૈકીના કયા કારણો નશીલા દ્રવ્યોના વ્યસન માટે જવાબદાર છે?

1. સમાજ વ્યવસ્થામાં બદલાવ

2. સાંસ્કૃતિક ધોરણોમાં ભંગાણ

3. જીજ્ઞાસા અને અજ્ઞાનતા

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 1 અને 3 (D) 1, 2 અને 3



PariksaPath · pariksapath.in

MaruGujarat.in



011. કેન્દ્રીય સતર્કતા આયોગની (Central Vigilance Commission) રચના નીચે પૈકી કયી સમિતિની ભલામણોને આધારે કરવામાં આવેલ છે?

(A) પ્રશાસનિક સુધાર આયોગ – ૧

(B) ગોરવાલા સમિતિનો રિપોર્ટ

(C) જે.બી.કૃપલાણી સમિતિનો રિપોર્ટ

(D) સંથાનમ સમિતિનો રિપોર્ટ

012. નીચે આપેલ કથનો ઉપર વિચાર કરો:

(૧) ભારતમાં રાજ્ય વિધાન પરીષદ કદમાં તે રાજ્યની વિધાનસભાના કુલ સંખ્યા બળના અડધાથી મોટી હોય શકે છે.

(૨) જે-તે રાજ્યના રાજ્યપાલ તેની વિધાનપરિષદના અધ્યક્ષની નિમણૂક કરે છે.

ઉપર્યુક્ત કથનોને ધ્યાનમાં લેતા નીચે પૈકી કયો વિકલ્પ ખોટો છે?

(A) માત્ર ૧

(B) માત્ર ૨

(C) ઉપરોક્ત બંને

(D) ઉપર પૈકી એકપણ નહીં

013. કથન-

તાજેતરમાં કેટલાક પોલીસ કર્મીઓ દ્વારા સ્થાનિક લોકોની હેરાનગતિની ફરિયાદોને કારણે પોલીસ સ્ટેશન બહાર લોકોનું મોટું ટોળું એકઠું થયું છે.

કરવાની થતી કાર્યવાહી-

(૧) ટોળાને સમજાવીને વિઘટિત કરવા માટે પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીને ત્વરિત સુચના આપવી.

(૨) આરોપીઓ સામે ત્વરિત તપાસ કરી ઉચિત નિષ્કર્ષ પર આવવું તથા આ અંગે જનતાને માહિતગાર કરવી.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર કાર્યવાહી-૧ જરૂરી છે

(B) માત્ર કાર્યવાહી-૨ જરૂરી છે

(C) કાર્યવાહી-૧ અને કાર્યવાહી-૨ બંને જરૂરી છે

(D) કાર્યવાહી-૧ અને કાર્યવાહી-૨ બંને જરૂરી નથી



PariksaPath · pariksapath.in

MaruGujarat.in



014. કથન-
હાઉસિંગ સોસાયટીના અધ્યક્ષ તથા સચિવે સોસાયટીના સભ્યોને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા કહ્યું જેથી પાણી પર લાગતો કર બચાવી શકાય

ધારણા-
(૧) સોસાયટીના બહુમત સભ્યો આ વિનંતીને અનુસરે તેવી શક્યતા છે.
(૨) જ્યાં પણ શક્ય હોય ત્યાં ખર્ચનો બચાવ કરવો આવકાર દાયક છે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો:
(A) માત્ર ધારણા-૧ કથનમાં સમાવિષ્ટ (implicit) છે
(B) માત્ર ધારણા-૨ કથનમાં સમાવિષ્ટ (implicit) છે
(C) કાં તો ધારણા-૧ અથવા કાં તો ધારણા-૨ કથનમાં સમાવિષ્ટ (implicit) છે
(D) બંને ધારણાઓ કથનમાં સમાવિષ્ટ (implicit) નથી

015. નીચે પૈકી કયું સ્થળ 'પ્રિન્સેસ ઓફ હિલ સ્ટેશન' (Princess of Hill Station) તરીકે ઓળખાય છે?
(A) દેહરાદૂન (B) દાર્જીલિંગ (C) કોડઇકનાલ (D) ઉટી

016. નીચેના પૈકી ક્યાં ક્ષેત્ર અફીણના ઉત્પાદન અને પૂરવઠા માટેના વૈશ્વિક રીતે કુખ્યાત છે?
(A) સુવર્ણ ત્રિકોણ (golden triangle) (B) સુવર્ણ અર્ધચંદ્ર (golden crescent)
(C) (A) અને (B) બંને (D) ઉપર પૈકી એકપણ નહીં

017. કથન-
જીવનના વિવિધ ક્ષેત્રમાં વ્યાપ્ત અતિ-સ્પર્ધાત્મકતાને કારણે બાળકો અને યુવાનો પર અત્યંત કઠોર પગલા લેવાનું સતત દબાણ રહે છે.

કરવાની થતી કાર્યવાહી-
(૧) સ્પર્ધાત્મકતાના વાતાવરણને સકારાત્મક રીતે જોઈ શકાય તે માટે બાળકો અને તેમના માતાપિતાનું કાઉન્સેલીંગ કરવું જોઈએ.
(૨) અતિ સ્પર્ધાત્મકતા ઉત્પાદકતા વધારે છે આથી તેને પ્રોત્સાહન મળે તે માટે પ્રયત્ન કરવા જોઈએ.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો:
(A) માત્ર કાર્યવાહી-૧ જરૂરી છે
(B) માત્ર કાર્યવાહી-૨ જરૂરી છે
(C) કાર્યવાહી-૧ અને કાર્યવાહી-૨ બંને જરૂરી છે
(D) કાર્યવાહી-૧ અને કાર્યવાહી-૨ બંને જરૂરી નથી



PariksaPath · pariksapath.in

018. <u>કથન-</u>

હાલમાં કોલેજોમાં દારૂ અને અફીણનું વ્યસન એક ફેશન બની ગઈ છે જેનાથી વિદ્યાર્થીઓ તેમના અભ્યાસથી દૂર થતા જાય છે.

<u>કરવાની થતી કાર્યવાહી-</u>

(૧) વિદ્યાર્થીઓનો પબ અને બારમાં પ્રવેશ વર્જિત થાય તે માટે સરકારે નિયમો બનાવવા જોઈએ.

(૨) કોલેજમાં જતા યુવાઓ શિસ્તમાં રહે તે માટે કોલેજ અને વાલીઓએ પ્રયત્ન કરવા જોઈએ.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર કાર્યવાહી-૧ જરૂરી છે
(B) માત્ર કાર્યવાહી-૨ જરૂરી છે
(C) કાર્યવાહી-૧ અને કાર્યવાહી-૨ બંને જરૂરી છે
(D) કાર્યવાહી-૧ અને કાર્યવાહી-૨ બંને જરૂરી નથી

019. સત્યશોધક સમાજની સ્થાપના નીચે પૈકી કોના દ્વારા કરવામાં આવેલ હતી?

(A) ડૉ. બી. આર. આંબેડકર
(B) નારાયણ ગુરૂ
(C) મહાત્મા ગાંધી
(D) જ્યોતીબા ફુલે

020. દલિતો માટે અનુસૂચિત જાતિ શબ્દનો સૌપ્રથમ પ્રયોગ નીચે પૈકી ક્યાં કરવામાં આવેલ હતો ?

(A) બંધારણમાં
(B) પુના પેક્ટમાં
(C) ક્રિપ્સ મિશનમાં
(D) ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ માં

021. સુરેશે એક છોકરાના ફોટોગ્રાફ તરફ આંગળી ચીંધીને કહ્યુ કે 'તે મારી માતાના એક માત્ર દીકરાનો દીકરો છે.' તો તે છોકરો સુરેશનો શુ થાય?

(A) ભાઇ
(B) કાકા
(C) પિતરાઇ
(D) પુત્ર

022. ક્રાયોજેનિક્સ એન્જીનનો ઉપયોગ શેમા કરવામા આવે છે?

(A) સબમરિન
(B) ફ્રોસ્ટ ફ્રી રેફ્રિજરેટર
(C) રોકેટ ટેક્નોલોજી
(D) સુપર કન્ડક્ટીવીટી



PariksaPath · pariksapath.in

MaruGujarat.in
GPSSB Sub Instructor 24-07-2022 Question Paper - Series B

023. નીચે પૈકી કોણ ભારતીય નેપોલિયન તરીકે ઓળખાય છે?

(A) ચંદ્રગુપ્ત
(B) હર્ષવર્ધન
(C) ચંદ્રગુપ્ત II
(D) સમુદ્રગુપ્ત

024. વિશ્વમાં નીચે પૈકી કઈ ભાષા બોલનાર વ્યક્તિઓની સંખ્યા સૌથી વધારે છે?

(A) હિન્દી (B) મેન્ડેરીન (C) જાપાની (D) અંગ્રેજી

025. મલ્ટી લેટરલ એન્ટિસબમરીન વોરફેર એક્સરસાઇઝ 'સી ડ્રેગન એક્સરસાઇઝ' માં નીચે પૈકી કયા રાષ્ટ્રનો સમાવેશ થતો નથી ?

(A) ભારત (B) અમેરિકા (C) ચીન (D) જાપાન

026. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા ગ્લોબલ હેલ્થ લીડર્સ એવોર્ડ – ૨૦૨૨ નીચે પૈકી કોને આપવામાં આવ્યો?

(A) લેન્સેન્ટ મેગેઝીનને
(B) ભારતના આશા વર્કરોને
(C) ભારત બાયોટેકને કોરોનાની રસી વિકસાવવા માટે
(D) બિલ અને મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનને ગરીબોના સ્વાસ્થ્ય માટે સતત પ્રયત્નશીલ રહેવા માટે

027. કથન-

બાળકને ૫ વર્ષની ઉંમરે શાળામાં અભ્યાસ માટે મૂકવા આવકારદાયક છે.

ધારણા-

(૧) આ ઉંમરે બાળક વિકાસના યોગ્ય તબક્કે પહોંચે છે અને શીખવા માટે સક્ષમ થઇ જાય છે.

(૨) શાળા ૬ વર્ષથી મોટી ઉંમરના બાળકોને પ્રવેશ આપતી નથી.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર ધારણા-૧ કથનમાં સમાવિષ્ટ (implicit) છે
(B) માત્ર ધારણા-૨ કથનમાં સમાવિષ્ટ (implicit) છે
(C) કાં તો ધારણા-૧ અથવા કાં તો ધારણા-૨ કથનમાં સમાવિષ્ટ (implicit) છે
(D) બંને ધારણાઓ કથનમાં સમાવિષ્ટ (implicit) નથી



PariksaPath · pariksapath.in

MaruGujarat.in



028. <u>કથન-</u>

તાજેતરમાં ક્રેડીટ/ડેબીટ કાર્ડમાં થતી છેતરપીંડીમાં વધારો [illegible]

<u>કરવાની થતી કાર્યવાહી-</u>

(૧) માત્ર અધિકૃત વ્યક્તિઓને ક્રેડીટ/ડેબીટ કાર્ડ અંગેની [illegible] પ્રાપ્ત થઇ શકે તે માટે બેન્કે સાવચેતી પૂર્વક તપાસ કરવી જોઈએ.

(૨) ગ્રાહકો ક્રેડીટ/ડેબીટ કાર્ડનો ઉપયોગ સાવચેતી પૂર્વક [illegible] બેન્કોએ તેમને જાગૃત કરવા જોઈએ.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર કાર્યવાહી-૧ જરૂરી છે
(B) માત્ર કાર્યવાહી-૨ જરૂરી છે
(C) કાર્યવાહી-૧ અને કાર્યવાહી-૨ બંને જરૂરી છે
(D) કાર્યવાહી-૧ અને કાર્યવાહી-૨ બંને જરૂરી નથી

029. નીચે પૈકી 'સાઇલેન્ટ વેલી' કયા રાજ્યમાં આવેલ છે?
(A) કેરલ (B) તમિલનાડુ (C) આંધ્રપ્રદેશ (D) કર્ણાટક

030. ભારતના મધ્યવર્તી અને દક્ષિણી ભાગોમાં નિવાસ કરવા વાળા જનજાતિય લોકો નીચે પૈકી કયા વર્ગથી સંબંધિત છે?
(A) નિગ્રીટો
(B) પ્રોટો-ઓસ્ટ્રેલોઇડ
(C) મંગોલોઇડ
(D) કોકેશિયન

031. 'આબોહવા' સંદર્ભે નીચે પૈકી કયું સાચું છે?
(A) ટૂંકા સમયગાળાની વાતાવરણની વાસ્તવિક સ્થિતિને આબોહવા કહે છે.
(B) લાંબા ગાળાની વાતાવરણની સરેરાશ સ્થિતિને આબોહવા કહે છે.
(C) ટૂંકા સમયગાળાની વાતાવરણની સરેરાશ સ્થિતિને આબોહવા કહે છે.
(D) લાંબાગાળાની વાતાવરણની પ્રતિકૂળ અવસ્થાને આબોહવા કહે છે.

032. નીચે પૈકી કયા સ્થાયી પવન નથી?
(A) વ્યાપારી પવન
(B) પશ્ચિમિયા પવન
(C) ધ્રુવીય પવન
(D) મોસમી પવન



PariksaPath · pariksapath.in

MaruGujarat.in



033. ભારત શાસન અધિનિયમ, ૧૯૩૫(Government of India Act, 1935) માં રહેલ 'Instrument of Instructions' હાલના ભારતના બંધારણમાં ક્યાં સ્વરૂપમાં નજર આવે છે?

(A) ભારતના બંધારણનું આમુખ

(B) ભારતીય સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા બહાર પાડવામાં આવતી 'મેન્ડેમસ' ની રીટમાં

(C) કેન્દ્ર અને રાજ્ય વચ્ચે શક્તિઓના વિતરણ અંગે માર્ગદર્શી સિદ્ધાંતો

(D) ઉપર પૈકી એક પણ નહીં

034. બળવંતરાય મહેતા સમિતિ નીચે પૈકી શેનાથી સંબંધિત હતી?

(A) લોકતાંતત્રિક વિકેન્દ્રીકરણ (Democratic Decentralization)

(B) ગ્રામીણ ક્ષેત્રોના વિકાસ માટે

(C) સામુદાયિક વિકાસ કાર્યક્રમ

(D) પંચાયતી રાજના વિકાસ માટે

035. નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટને લગતા નીચેના કથનો ધ્યાનમાં લો.

(૧) આ કાયદો ભારતમાં ઓછી માત્રામાં ગેરકાયદેસર દવાઓ રાખવાની પરવાનગી આપે છે.

(૨) આ કાયદો વ્યસની લોકો તરફ સુધારાત્મક અભિગમ અપનાવે છે.

(૩) નાણા મંત્રાલય હેઠળનો મહેસૂલ વિભાગ આ કાયદાનો નોડલ વિભાગ છે.

(A) ૧ અને ૨ | (B) માત્ર ૨
(C) ૨ અને ૩ | (D) ઉપરના પૈકી એક પણ નહીં

036. નેશનલ એક્શન પ્લાન ફોર ડ્રગ ડીમાંડ રીડકશન હેઠળ અમલીકરણ કરનાર એજન્સી નીચે પૈકી કઈ છે?

(A) એન્ફોર્સમેન્ટ ડીરેક્ટરેટ

(B) ધ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોસીયલ ડીફેન્સ

(C) નારકોટીક્સ બ્યુરો

(D) ઉપરના પૈકી એક પણ નહીં



PariksaPath · pariksapath.in

037. નીચે આપેલ કથનો ઉપર વિચાર કરો:
(૧) જાતિ એક અંતઃ વિવાહી સમૂહ હોય છે.
(૨) વર્ગની સદસ્યતા અર્જિત હોય છે.
(૩) જાતિ એક બંધ વ્યવસ્થા છે.
(૪) વર્ગમાં ખૂલ્લાપણું જોઇ શકાય છે.
ઉપર્યુક્ત કથનોને ધ્યાનમાં રાખતા નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે?
(A) કથન ૧, ૩ અને ૪ સાચા છે
(B) કથન ૧, ૨ અને ૪ સાચા છે
(C) કથન ૨, ૩ અને ૪ સાચા છે
(D) બધા કથનો સાચા છે

038. માર્કસ દ્વારા મૂડીવાદી સમાજમાં શોષક અને શોષિતના રૂપમાં જે બે વર્ગોની ચર્ચા કરેલ છે, તે નીચે પૈકી કયા છે ?
(A) માલિક અને નોકર
(B) સામંત અને દાસ
(C) બુર્જવા અને સર્વહારા
(D) માલિક અને દાસ

039. 'પીએમ ગતિશક્તિ માસ્ટર પ્લાન'ના સંબંધમાં નિમ્નલિખિત કથનો ઉપર વિચાર કરો:
(૧) આ ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી સંબંધિત પરિયોજનાની એકીકૃત યોજના અને કાર્યાન્વયન સુનિશ્ચિત કરવા માટેની મલ્ટી મોડલ કનેક્ટીવીટી માટેનો એક રાષ્ટ્રીય માસ્ટર પ્લાન છે.
(૨) આ ૨૦૧૯ માં ઘોષિત કરવામાં આવેલ નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇનનું એક સબ મિશન છે.
ઉપર્યુક્ત કથનોને ધ્યાનમાં રાખતા નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે?
(A) ફક્ત કથન ૧ સાચુ છે
(B) ફક્ત કથન ૨ સાચુ છે
(C) કથન ૧ અને કથન ૨ બંન્ને સાચા છે
(D) કથન ૧ અને કથન ૨ બંન્નેમાંથી એકપણ સાચું નથી

040. ભારત સરકાર દ્વારા બજેટમાં ઘોષિત કરવામાં આવેલ 'રેંપ પ્રોગ્રામ' (RAMP Programme) નીચે પૈકી શેનાથી સંબંધિત છે ?
(A) અંતરીક્ષ ટેક્નોલોજી
(B) મેડિકલ ક્ષેત્રમાં રિસર્ચને પ્રોત્સાહન આપવા
(C) ગ્રામીણ વિકાસ
(D) એમ.એસ.એમ.ઇ.(MSME)


PariksaPath · pariksapath.in

041. મહિલાઓને મતાધિકાર આપનાર નીચેના પૈકી ક્યો દેશ સૌ પ્રથમ છે?

(A) આઈસલેન્ડ
(B) ભારત
(C) ન્યુઝીલેન્ડ
(D) યુ.એસ.એ.

042. 'માઈ મ્યુઝીક, માય લાઈફ' પુસ્તક કોની આત્મકથા છે?

(A) પંડિત શિવકુમાર
(B) ઉસ્તાદ અમજદ અલી ખાન
(C) પંડિત રવિશંકર
(D) ઉસ્તાદ ઝાકીર હુસૈન

043. નીચે આપેલ કથનો ઉપર વિચાર કરો:

(૧) ડૉ. રાજેન્દ્ર ગાંધીએ મહાત્મા ગાંધીને ચંપારણ આવવા અને ખેડૂતોની સમસ્યાની તપાસ કરવા માટે રાજી કર્યા હતા.

(૨) ચંપારણમાં ખેડૂતોની સમસ્યાની તપાસમાં આચાર્ય જે.બી.કૃપલાણી મહાત્મા ગાંધીના નજીકના સહયોગીઓ પૈકીના એક હતા.

ઉપર્યુક્ત કથનોને ધ્યાનમાં રાખતા નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) ફક્ત કથન ૧ સાચુ છે
(B) ફક્ત કથન ૨ સાચુ છે
(C) કથન ૧ અને કથન ૨ બંન્ને સાચા છે.
(D) કથન ૧ અને કથન ૨ બંન્નેમાંથી એકપણ સાચું નથી.

044. ગાંધીજીએ પોતાના સામાજિક-આર્થિક કાર્યક્રમો દ્વારા પણ લોકોને પોતાના તરફ આકર્ષિત કરેલ હતા. નીચે પૈકી કયો કાર્યક્રમ ઉક્ત સામાજિક-આર્થિક કાર્યક્રમો પૈકીનો નથી?

(૧) ખાદી કાર્યક્રમ
(૨) ઔદ્યોગિકરણ કાર્યક્રમ
(૩) ગ્રામ પુનઃનિર્માણ કાર્યક્રમ
(૪) હિંદુ મુસ્લિમ એકતા
(૫) હરિજન કલ્યાણ કાર્યક્રમ

વિકલ્પ:

(A) ૫
(B) ૪
(C) ૨
(D) ૧

045. નીચે પૈકી કયા ઇલેક્ટ્રોમેગ્નેટિક તરંગોની તરંગ લંબાઇ વધુ હોય છે?

(A) અલ્ટ્રાવાયલેટ
(B) પ્રકાશ તરંગો
(C) ગામા તરંગો
(D) ઇન્ફ્રા રેડ તરંગો



PariksaPath · pariksapath.in

MaruGujarat.in



046. નીચે પૈકી શેમાં ધ્વનિનો વેગ સર્વાધિક હોય છે?

(A) પાણી
(B) વાયુ
(C) લાકડું.
(D) સ્ટીલ

047. નીચે આપેલ કથનો ઉપર વિચાર કરો:

(૧) ઉચ્ચ તાપમાન
(૨) ખૂલ્લો તડકો
(૩) સમુદ્રતળથી એકસમાન ઉંચાઇ
(૪) છાંયડો

ઉપરોક્તમાંથી કઇ પરિસ્થિતિ કોફીના ઉત્પાદન માટે આવશ્યક છે?

(A) ૧ અને ૩
(B) ૨ અને ૩
(C) ૧, ૨ અને ૩
(D) ૧ અને ૪

048. કર્ક રેખા નીચે પૈકી કયા રાજ્યમાંથી પસાર થતી નથી?

(A) ઓડીશા
(B) ગુજરાત
(C) રાજસ્થાન
(D) પશ્ચિમબંગાળ

049. પ્રધાનમંત્રી દ્વારા ડિસેમ્બર ૨૬ ને 'વીર બાલ દિવસ' તરીકે ઉજવવાની સરકારના નિર્ણયની જાહેરાત કરેલ છે, તે નીચે પૈકી કોનાથી સંબંધિત છે?

(A) ગુરૂ ગોવિંદસિંહના પુત્રોની વીરતાને બિરદાવવા
(B) બાળ કૃષ્ણ દ્વારા કરવામાં આવેલ પરાક્રમોને બિરદાવવા
(C) પંડિત જવાહરલાલ નહેરૂના બાળકો પ્રત્યેના પ્રેમને બિરદાવવા
(D) બાળકો સૈન્ય સેવામાં જોડાવા માટે પ્રેરણા પ્રાપ્ત કરે તે માટે

050. હોર્ન ઓફ આફ્રિકામાં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી?

(A) દ્જીબુતી
(B) ઇથોપીયા
(C) સોમાલીયા
(D) ડેમોક્રેટીક રીપબ્લિક ઓફ કોંગો

051. નીચે પૈકી કયા ગ્રંથમાં પ્રસિદ્ધ ગાયત્રી મંત્ર મળી આવે છે:

(A) છાંદોગ્ય ઉપનિષદ
(B) તૈત્તરિય બ્રાહ્મણ
(C) ઋગવેદ સંહિતા
(D) યજુર્વેદ સંહિતા



PariksaPath · pariksapath.in

MaruGujarat.in



052. નીચે પૈકી કયા મૌર્ય શાસકના પશ્ચિમ એશિયાના ગ્રીક શાસક સેલ્યુકસ નિકેટર સાથે વૈવાહિક સંબંધો હતા ?

(A) ચંદ્રગુપ્ત
(B) અશોક
(C) બિંદુસાર
(D) દશરથ

053. સંયુક્ત પરિવારના વિઘટનનું મુખ્ય કારણ શું છે ?

(A) મનોરંજન
(B) ઔદ્યોગિકરણ
(C) ગરીબી
(D) જનસંખ્યા

054. નીચે પૈકી કોણે કહ્યું છે કે 'માણસ એક સામાજિક પ્રાણી છે'

(A) મોન્ટેસ્ક્યુ
(B) પ્લેટો
(C) એરિસ્ટોટલ
(D) ટોયન્બી

055. 'નોન-પ્રોલિફરેશન સંધિ' ના સંબંધમાં નિમ્નલિખિત કથનો ઉપર વિચાર કરો:

(૧) સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા સમિતિના બધા સ્થાયી સદસ્યો દ્વારા આ સંધિને માન્ય રાખેલ છે.

(૨) ન્યુક્લિયર સપ્લાય ગ્રુપના સદસ્ય બનવા માટે નોન-પ્રોલિફરેશન સંધિનું અનુમોદન આવશ્યક છે.

ઉપર્યુક્ત કથનોને ધ્યાનમાં રાખતા નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે ?

(A) ફક્ત કથન ૧ સાચુ છે
(B) ફક્ત કથન ૨ સાચુ છે
(C) કથન ૧ અને કથન ૨ બંન્ને સાચા છે.
(D) કથન ૧ અને કથન ૨ બંન્નેમાંથી એકપણ સાચું નથી.

056. સમાચાર પત્રોમાં જોવા મળતો શબ્દ 'પેટ્ટા થુલ્લાલ' (Petta Thullal) નીચે પૈકી શેનાથી સંબંધિત છે

(A) પવિત્ર નૃત્ય
(B) માર્શલ આર્ટ
(C) સ્ક્રોલ પેન્ટિંગ
(D) પરંપરાગત ખેલ



PariksaPath · pariksapath.in

MaruGujarat.in



પ્રશ્ન ક્રમાંક 57-60 માટે નીચે મુજબની વિગતો ધ્યાને લેવાની રહે છે:
એક સંસ્થામાં આસીસ્ટન્ટ જનરલ મેનેજર- એચ.આર. ની નિમણૂંક માટે નીચે મુજબની શરતો અનિવાર્ય છે:

(૧) તા. ૦૧/૦૫/૨૦૧૦ ની સ્થિતિએ ઓછામાં ઓછા ૪૦ વર્ષ અને ૫૦ વર્ષ કરતા વધુ ઉંમર ન હોવી જોઇએ.

(૨) પર્સોનલ મેનેજમેન્ટમાં ઓછામાં ઓછા ૬૦ ટકા સાથે અનુ સ્નાતકની પદવી પ્રાપ્ત કરેલ હોવી જોઇએ.

(૩) ઓછામાં ઓછો ૧૫ વર્ષનો અનુભવ હોવો જોઇએ, એ પૈકી ઓછામાં ઓછા ૦૫ વર્ષ સિનિયર મેનેજર-એચ.આર. તરીકેનો અનુભવ હોવો જોઇએ.

(૪) પાછલા ૦૩ વર્ષમાં ઉમેદવારે તેની સંસ્થામાં એચ.આર. સિસ્ટમ સફળતાપૂર્વક અમલમાં લાવી હોવી જોઇએ.

(૫) પસંદગી પ્રક્રીયામાં ઓછામાં ઓછા ૪૫% મેળવેલ હોવા જોઇએ.

કોઇ ઉમેદવાર નીચેના અપવાદ સાથે ઉપરની શરતો સંતોષતા હોય તો:

(અ) ઉપર (૨) માં અનુસ્નાતકની પદવી ઓછામાં ઓછા ૫૦ ટકાથી પ્રાપ્ત કરેલ હોય અને પસંદગી પ્રક્રીયામાં ઓછામાં ઓછા ૬૫ ટકા પ્રાપ્ત કરેલ હોય તો આ પ્રકારનો કેસ એક્ઝીક્યુટીવ ડિરેક્ટરને તબદીલ કરવાનો રહેશે.

(બ) ઉપર (૩) માં ઓછામાં ઓછો ૧૨ વર્ષનો અનુભવ હોય જે પૈકી ઓછામાં ઓછો ૦૮ વર્ષનો અનુભવ સિનિયર મેનેજર-એચ.આર. તરીકે હોય તો આ પ્રકારનો કેસ ચેરમેનને તબદીલ કરવાનો રહેશે.

ઉક્ત વિગતોને ધ્યાનમાં રાખતા જઇને નીચે આપેલ પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરવાના રહેશે:

057. પ્રણવ ઘોષની જન્મતારીખ ૦૮/૦૩/૧૯૬૮ છે. તેઓએ પર્સોનલ મેનેજમેન્ટમાં ૬૮ ટકા સાથે અનુ- સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા બાદ છેલ્લા ૧૮ વર્ષથી એક સંસ્થામાં કામ કરે છે, જે પૈકી છેલ્લા ૦૭ વર્ષથી સિનિયર મેનેજર- એચ.આર. તરીકે કામ કરે છે. તેઓએ તેમની સંસ્થામાં ગયા વર્ષે સફળતાપૂર્વક એચ.આર. સિસ્ટમને સફળતાપૂર્વક અમલમાં લાવી છે. તેઓએ પસંદગી પ્રક્રીયામાં ૫૦ ટકા મેળવેલ છે.

ઉપરોક્ત માહિતિના આધારે નીચે આપેલ વિકલ્પ પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરવાનો રહેશે:

(A) ઉમેદવારની પસંદગી કરવામાં આવશે
(B) ઉમેદવારની પસંદગી કરવામાં આવશે નહી.
(C) કેસ એક્ઝીક્યુટીવ ડિરેક્ટરને તબદીલ કરવાનો રહેશે
(D) કોઇ પણ નિર્ણય લેવા માટે વિગતો અપૂરતી છે.



PariksaPath · pariksapath.in

MaruGujarat.in



058. શીતલ ઘોષે પર્સોનલ મેનેજમેન્ટમાં ૭૦ ટકા સાથે અનુ-સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા બાદ છેલ્લા ૨૦ વર્ષથી એક સંસ્થામાં કામ કરે છે, જે પૈકી છેલ્લા ૧૦ વર્ષથી સિનિયર મેનેજર- એચ.આર. તરીકે કામ કરે છે. તેઓની જન્મ તારીખ ૦૨/૧૨/૧૯૬૫ છે. તેઓએ પસંદગી પ્રક્રીયામાં ૪૫ ટકા પ્રાપ્ત કરેલ છે.

(A) ઉમેદવારની પસંદગી કરવામાં આવશે

(B) ઉમેદવારની પસંદગી કરવામાં આવશે નહી

(C) કેસ એક્ઝીક્યુટીવ ડિરેક્ટરને તબદીલ કરવાનો રહેશે

(D) કોઇ પણ નિર્ણય લેવા માટે વિગતો અપૂરતી છે

059. નવીન ચોપરાની જન્મતારીખ ૧૨/૦૬/૧૯૬૭ છે. તેઓએ પર્સોનલ મેનેજમેન્ટમાં ૭૫ ટકા સાથે અનુ-સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા બાદ છેલ્લા ૧૬ વર્ષથી એક સંસ્થામાં કામ કરે છે, જે પૈકી છેલ્લા ૦૭ વર્ષથી સિનિયર મેનેજર- એચ.આર. તરીકે કાંમ કરે છે. તેઓએ પસંદગી પ્રક્રીયામાં ૪૪ ટકા મેળવેલ છે. તેઓએ તેમની સંસ્થામાં ગયા વર્ષે સફળતાપૂર્વક એચ.આર. સિસ્ટમને સફળતાપૂર્વક અમલમાં લાવી છે.

(A) ઉમેદવારની પસંદગી કરવામાં આવશે

(B) ઉમેદવારની પસંદગી કરવામાં આવશે નહી

(C) કેસ એક્ઝીક્યુટીવ ડિરેક્ટરને તબદીલ કરવાનો રહેશે

(D) કેસ ચેરમેનને તબદીલ કરવાનો રહેશે

060. મોહિત સક્સેનાની જન્મતારીખ ૨૭/૦૭/૧૯૬૩ છે. તેઓએ પર્સોનલ મેનેજમેન્ટમાં ૬૭ ટકા સાથે અનુ-સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા બાદ છેલ્લા ૧૩ વર્ષથી એક સંસ્થામાં કામ કરે છે, જે પૈકી છેલ્લા ૦૯ વર્ષથી સિનિયર મેનેજર- એચ.આર. તરીકે કામ કરે છે. તેઓએ પસંદગી પ્રક્રીયામાં ૪૯ ટકા મેળવેલ છે. તેઓએ તેમની સંસ્થામાં છેલ્લા ત્રણ વર્ષમાં સફળતાપૂર્વક એચ.આર. સિસ્ટમને સફળતાપૂર્વક અમલમાં લાવી છે.

(A) ઉમેદવારની પસંદગી કરવામાં આવશે

(B) ઉમેદવારની પસંદગી કરવામાં આવશે નહી

(C) કેસ એક્ઝીક્યુટીવ ડિરેક્ટરને તબદીલ કરવાનો રહેશે

(D) કેસ ચેરમેનને તબદીલ કરવાનો રહેશે



PariksaPath · pariksapath.in

061. નીચે પૈકી 'ડ્રેઇન ઓફ વેલ્થ' (Drain of Wealth) સિદ્ધાંતના પ્રણેતા કોણ હતા?

(A) દાદાભાઇ નવરોજી
(B) ગોપાલ કૃષ્ણ ગોખલે
(C) આર. સી. દત્ત
(D) એસ. એન. બેનર્જી

062. નિમ્નલિખિત સંગઠનોના સ્થાપનાના વર્ષના આધારે કાળક્રમાનુસાર નીચે આપેલ વિકલ્પો પૈકી કયો સાચો છે?

(૧) પૂના સાર્વજનિક સભા
(૨) ઇન્ડિયન એસોસિએશન ઓફ કલકત્તા
(૩) બોમ્બે પ્રેસિડેન્સી એસોસિએશન
(૪) મદ્રાસ મહાજન સભા

(A) ૧, ૨, ૪, ૩
(B) ૨, ૩, ૪, ૧
(C) ૧, ૪, ૨, ૩
(D) ૩, ૨, ૧, ૪

063. નીચે આપેલ સીરીઝ પૂર્ણ કરો

૨, ૧૫, ૪૧, ૮૦, -------

(A) ૧૩૨
(B) ૧૨૧
(C) ૧૧૧
(D) ૧૨૦

064. $\frac{0.૩૫*0.૩૫-0.૩૪*0.૩૪}{૬૯}$ =

(A) 0.0૧
(B) 0.00૧
(C) 0.000૧
(D) 0.૧

065. વૈશ્વીકરણને ધ્યાનમાં રાખતા જઇને ભારતીય અર્થવ્યવસ્થા સંબંધે નીચે પૈકી કયું લાગુ પડે?

(A) વિકાસના સમાજવાદી પથ પ્રત્યેની કટિબધ્ધતા
(B) મિશ્રિત અર્થવ્યવસ્થા તરફનું પ્રયાણ
(C) આત્મનિર્ભરતાના ગાંધીવાદી મોડલ પ્રત્યે કટિબધ્ધતા
(D) આર્થિક નવ-ઉદારવાદ તરફનું પ્રયાણ

066. નિમ્નલિખિત પૈકી કયું ઘરેલું હિંસાનું સ્વરૂપ નથી?

(A) દહેજ મૃત્યુ
(B) જાતીય સતામણી
(C) અપહરણ
(D) પત્ની સાથે મારપીટ કરવી

067. 'પેગાસસ' શબ્દ સમાચારપત્રોમાં ઘણી વાર જોવા મળે છે, તે નીચે પૈકી શેનાથી સંબંધિત છે?

(A) સૈન્ય વિમાન
(B) ક્લાઉડ ટેક્નોલોજી
(C) નોન ફન્જીબલ ટોકન
(D) સ્પાઇવેર

068. 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના'ના સંબંધમાં નિમ્નલિખિત કથનો ઉપર વિચાર કરો:

(૧) એક લાભાર્થી ફક્ત એક જ વાર આ યોજનાનો લાભ લેવા માટે પાત્ર છે.

(૨) આ યોજના ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા કાર્યાન્વિત કરવામાં આવી રહી છે.

ઉપર્યુક્ત કથનોને ધ્યાનમાં રાખતા નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) ફક્ત કથન ૧ સાચુ છે.
(B) ફક્ત કથન ૨ સાચુ છે.
(C) કથન ૧ અને કથન ૨ બંન્ને સાચા છે.
(D) કથન ૧ અને કથન ૨ બંન્નેમાંથી એકપણ સાચું નથી.

069. રાષ્ટ્રપતિ શાસન નીચે પૈકી કયા અનુચ્છેદ અન્વયે લાગુ કરી શકાય?

(૧) અનુચ્છેદ ૩૫૬
(૨) અનુચ્છેદ ૩૬૦
(૩) અનુચ્છેદ ૩૫૨
(૪) અનુચ્છેદ ૩૬૫

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) (૧) અને (૨)
(B) (૧) અને (૪)
(C) (૨) અને (૩)
(D) (૨) અને (૪)

070. ધારાકીય કાર્યોમાં ઉપયોગમાં લેવામાં આવતો શબ્દ 'ગિલોટીન'(Guillotine) નો અર્થ નીચેના પૈકી કયો થાય છે?

(A) ગૃહની કાર્યવાહી અનિશ્ચિત કાળ સુધી સ્થગિત કરવી
(B) સદનનું વિસર્જન થવું
(C) કોઈ ખરડો ધ્વની મતથી પસાર કરવો
(D) કોઈ ખરડા પરની ચર્ચાને સમાપ્ત કરવી

071. 'ખરડીયું' નીચે પૈકી શું છે?

(A) સૌરાષ્ટ્રમાં આવેલ સીદી લોકોનું પરંપરાગત નૃત્ય
(B) ઉત્તર ગુજરાતમાં આવેલ જંગલોમાં જોવા મળતું એક વિશેષ પ્રકારનું જંતુ
(C) વર્ષાઋતુ બરાબર જામી જાય ત્યારે સાતથી દસ દિવસ સુધી સતત વરસાદનું પડ્યા કરવું
(D) ડાંગ જિલ્લામાં વરસાદનું આગમન થાય ત્યારે ખેડૂતો દ્વારા વાવણી કરવામાં આવે ત્યારે ઉજવાતો તહેવાર



PariksaPath · pariksapath.in

MaruGujarat.in



072. મોટા ભાગની મોસમી ઘટનાઓ નીચે પૈકી શેમાં સંપન્ન થાય છે?
(A) સમતાપ આવરણ
(B) ક્ષોભ આવરણ
(C) ક્ષોભસીમા
(D) ઉષ્માવરણ

073. મનુષ્યમાં પરનીસીયસ એનીમિયા નીચે પૈકી કોની ઉણપથી થાય છે?
(A) પાયરીડોક્સીન
(B) સાઇનોકોબાલામાઇન
(C) થાયમીન
(D) પેંટોથેનિક એસિડ

074. એન્ટીબાયોટિક પેનિસિલીન શેમાંથી મેળવવામાં આવે છે?
(A) બેક્ટેરિયા
(B) કૃત્રિમ રીતે બનાવાય છે
(C) વાયરસ
(D) ફૂગ

075. હિંદુ વિધવા પુનર્વિવાહ અધિનિયમ કયા વર્ષમાં પારિત કરવામાં આવ્યો?
(A) ૧૮૨૯ (B) ૧૮૫૬ (C) ૧૮૯૧ (D) ૧૮૪૦

076. ભારતીય સમાજમાં સામાજિક સ્તરીકરણનો નીચે પૈકી મૂળભૂત આધાર કયો?
(A) ધન અને સંપત્તિ (B) પરિવાર (C) જાતિ (D) ધર્મ

077. પ્રાપ્તિ પોર્ટલ (PRAAPTI Portal) નીચે પૈકી શેનાથી સંબંધિત છે?
(A) વીજ ઉત્પાદકો અને ડિસ્કોમ કંપનીઓ વચ્ચે વીજળીની ખરીદી માટે સગવડતા રહે તે માટેનું પોર્ટલ
(B) ભારતના નાગરિકોનો સ્વાસ્થ્ય અંગેનો ડેટાબેઝ તૈયાર કરવાનું પોર્ટલ
(C) ભારતમાં શહેરી ક્ષેત્રોમાં ચાલતી ઇન્ફ્રાસ્ટ્રકચર યોજનાઓના ટ્રેકિંગ માટેનું પોર્ટલ
(D) ભારતમાં ગ્રામીણ ક્ષેત્રમાં ચાલતી ઇન્ફ્રાસ્ટ્રકચર યોજનાઓના ટ્રેકિંગ માટેનું પોર્ટલ

078. અપોલો ૧૧ મિશન નીચેના પૈકી શેના સાથે સંબંધિત છે?
(A) સૂર્ય સાથે ચંદ્રની ક્રિયાપ્રતિક્રિયાના ઇલેક્ટ્રોડાયનેમિક્સના અભ્યાસ માટે
(B) ચંદ્રની અંધકાર તરફની બાજુનું અન્વેષણ કરવા
(C) ચંદ્રના કિરણોત્સર્ગ સ્તરો પર ડેટા એકત્રિત કરો
(D) ઉપરના પૈકી એક પણ નહીં



PariksaPath · pariksapath.in

MaruGujarat.in



079. એક શાળામાં ૬૦૦ વિદ્યાર્થીઓ છે. છોકરાઓની સરેરાશ ઉંમર ૧૨ વર્ષ છે અને છોકરીઓની સરેરાશ ઉંમર ૧૧ વર્ષ છે. જો બધા જ વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર ૧૧ વર્ષ અને ૯ મહિના હોય તો શાળામાં છોકરીઓની સંખ્યા કેટલી હશે?

(A) ૨૫૦ (B) ૧૫૦ (C) ૩૫૦ (D) ૪૫૦

080. જો ખોટનું મૂલ્ય વેચાણ કિંમતના ૧/૩ હોય તો, ખોટની ટકાવારી કેટલી થાય?

(A) ૧૬ ૨/૩% (B) ૨૦% (C) ૨૫% (D) ૩૩ ૧/૩%

081. નીચે પૈકી કયું યંત્ર આર્દ્રતા માપવા માટે વપરાય છે?

(A) બેરોમીટર (B) થર્મોમીટર (C) હાઇગ્રોમીટર (D) હાઇડ્રોમીટર

082. નીચે આપેલ કથનો ઉપર વિચાર કરો :

(૧) ઉષ્ણ કટીબંધીય ક્ષેત્રોમાં મોટા મત્સ્યન ક્ષેત્રોનો અભાવ છે.

(૨) મત્સ્યન ક્ષેત્રોના તટીય ભાગોના મોટા ભાગના નિવાસી શાકાહારી છે.

ઉપર્યુક્ત કથનોને ધ્યાનમાં રાખતા નીચે પૈકી ક્યો વિકલ્પ સાચો છે?

(A) ફક્ત કથન ૧ સાચુ છે

(B) ફક્ત કથન ૨ સાચુ છે

(C) કથન ૧ અને કથન ૨ બંન્ને સાચા છે

(D) કથન ૧ અને કથન ૨ બંન્નેમાંથી એકપણ સાચું નથી

083. ભારતમાં ખેતીની ફસલને વધાવતા ઉત્સવો અંગે નીચે પૈકી સાચો વિકલ્પ પસંદ કરો

| | |
|---|---|
| ૧. અસમ | અ. લોહરી |
| ૨. તમિલનાડુ | બ. બિહુ |
| ૩. કેરાલા | ક. પોંગલ |
| ૪. પંજાબ | ડ. ઓણમ |

(A) ૧-બ; ૨-ક; ૩-અ; ૪-ડ

(B) ૧-અ; ૨-બ; ૩-ક; ૪-ડ

(C) ૧-બ; ૨-ક; ૩-ડ; ૪-અ

(D) ૧-અ; ૨-ડ; ૩-ક; ૪-બ

084. ઉકળતા પાણીની સાપેક્ષે વરાળથી વધુ બળતરા મહેસૂસ થાય છે, કારણકે

(A) વરાળ આપણી ત્વચામાં અંદર સુધી પ્રવેશી શકે છે

(B) વરાળ વધુ તાપમાન ઉપર હોય છે

(C) ઉકળતા પાણીની સાપેક્ષે વરાળમાં વધુ ઉર્જા હોય છે

(D) વરાળ ઉકળતા પાણીની સાપેક્ષે ઉચ્ચ દબાણ પર હોય છે



PariksaPath · pariksapath.in

MaruGujarat.in
GPSSB Sub Instructor 24-07-2022 Question Paper Series B

085. પ્રાચીન પુરાણ [illegible] નીચે પૈકી કોના કિનારે [illegible]?

(A) તેઇગાઇ
(B) મારીગી
(C) ગરિયાર
(D) [illegible]

086. નીચે પૈકી કયું જોડકું સાચું છે?

(A) સારનાથ – બુદ્ધનું જન્મસ્થાન
(B) લુમ્બિની – જ્યાં બુદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું
(C) બોધ ગયા – એ સ્થળ જ્યાં બુદ્ધે પોતાનો પ્રથમ ઉપદેશ આપ્યો
(D) કુશીનગર – બુદ્ધનું મૃત્યુસ્થળ

087. નીચે આપેલ કથનો ઉપર વિચાર કરો.

(૧) બંધારણની કલમ ૭૫(૨) મંત્રીનું વ્યક્તિગત ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરે છે.
(૨) બંધારણની કલમ ૭૫(૩) સમગ્ર મંત્રીમંડળનું સામૂહિક ઉત્તરદાયિત્વ નિર્ધારિત કરે છે.

ઉપર્યુક્ત કથનોને ધ્યાનમાં રાખતા નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) ફક્ત કથન ૧ સાચુ છે
(B) ફક્ત કથન ૨ સાચુ છે
(C) કથન ૧ અને કથન ૨ બંને સાચા છે
(D) કથન ૧ અને કથન ૨ બંનેમાંથી એકપણ સાચું નથી

088. નીચે આપેલ કથનો ઉપર વિચાર કરો.

કથન(A) : બંધારણના અનુચ્છેદ ૩૨ ને ડૉ. આંબેડકરે બંધારણનો આત્મા કહ્યો છે.

કારણ(R) : અનુચ્છેદ ૩૨ મૌલિક અધિકારોના અતિક્રમણની વિરુદ્ધ પ્રભાવી ઉપચારનું વર્ણન કરે છે.

ઉપર્યુક્ત કથનોને ધ્યાનમાં રાખતા નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) (A) તથા (R) બંને સાચા છે અને (A) નું સાચુ સ્પષ્ટીકરણ (R) છે
(B) (A) તથા (R) બંને સાચા છે, પરંતુ (A) નું સાચું સ્પષ્ટીકરણ (R) નથી
(C) (A) સાચો છે પરંતુ (R) ખોટો છે
(D) (A) ખોટો છે પરંતુ (R) સાચો છે



PariksaPath · pariksapath.in

MaruGujarat.in



089. રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કારની સ્થાપના કયા વર્ષે થઇ હતી ?

(A) ૧૯૮૪-૮૫
(B) ૧૯૮૬-૮૭
(C) ૧૯૮૮-૮૯
(D) ૧૯૯૦-૯૧

090. પ્રથમ વિશ્વયુદ્ધમાં નીચેના પૈકી કોનો રસાયણિક શસ્ત્રના રૂપે પ્રયોગ થયેલ હતો ?

(A) કાર્બન મોનોક્સાઈડ
(B) હાયડ્રોજન સાયનાઇડ
(C) મસ્ટર્ડ ગેસ
(D) કાર્બન ડાયોક્સાઈડ

091. નિમ્નલિખિત કથનો ઉપર વિચાર કરો:

(૧) ભારત મીથેનનો સૌથી મોટો ઉત્સર્જક દેશ છે.

(૨) ડાંગરનું વાવેતર દેશમાં કૃષિ ક્ષેત્રમાં ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનનો ઉચ્ચતમ સ્રોત છે.

(૩) નાઇટ્રસ ઓક્સાઇડ અને મીથેનમાં કાર્બન ડાયોક્સાઇડની તુલનામાં વધુ ગ્લોબલ વોર્મિંગ પોટેન્શીયલ છે.

ઉપર્યુક્ત કથનોને ધ્યાનમાં રાખતા નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે ?

(A) ફક્ત કથન ૧ સાચુ છે
(B) ફક્ત કથન ૧ અને ૨ સાચા છે
(C) ફક્ત કથન ૩ સાચુ છે
(D) ફક્ત કથન ૨ અને ૩ સાચા છે

092. ભારતનું પ્રથમ ઓપન રોક મ્યુઝિયમ નીચે પૈકી ક્યા ખોલવામાં આવ્યું ?

(A) ભોપાલ
(B) હૈદરાબાદ
(C) કલકત્તા
(D) બાલાસિનોર

093. ઓક્ટોબર, ૧૯૨૦ માં ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીની સ્થાપના માટે તાશ્કંદમાં એકત્રિત થયેલા ભારતીયોના સમૂહના અધ્યક્ષ નીચેના પૈકી કોણ હતા ?

(A) એચ.કે.સરકાર
(B) પી.સી.જોશી
(C) એમ.સી.છાગલા
(D) એમ.એન.રાય

094. વિશ્વ આર્થિક ફોરમનું વાર્ષિક સંમેલન જ્યાં આયોજિત થાય છે તે સ્થળ, દેવાસ કયા દેશમાં આવેલું છે ?

(A) ફ્રાંસ
(B) જર્મની
(C) સ્વીટ્ઝરલેન્ડ
(D) લક્ઝેમબર્ગ



PariksaPath · pariksapath.in

MaruGujarat.in



[redacted]

095. બાલ ગંગાધર તિલકને 'ફાધર ઓફ ઇન્ડિયન અનરેસ્ટ' કોણે કહ્યા?

(A) વેલેંટાઇન ચિરોલ (B) ડિઝરાયલી

(C) મિંટો II (D) ચેમ્સફોર્ડ

096. પ્રથમ અફીણ યુદ્ધના પરીપ્રેક્ષ્યમાં નીચેના પૈકી ક્યાં વિધાન સાચા છે?

(૧) આ યુદ્ધ બાદ ચીન અને બ્રિટીશ વચ્ચે નાનકિંગની સંધી થઇ.

(૨) 'હોંગકોંગ'નો બ્રિટનના ક્ષેત્રમાં વિલય કરવામાં આવ્યો.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર ૧ (B) માત્ર ૨ (C) ૧ અને ૨ બંને (D) એકપણ નહીં

097. એક ભુકંપની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૮ છે, તો આ ભૂકંપ રિક્ટર સ્કેલ પર ૪ ની તીવ્રતા ધરાવતા ભૂકંપ કરતા કેટલા ઘણો મોટો ગણાય

(A) બે ગણો (B) ૧૦ ગણો (C) ૧૦૦ ગણો (D) ૧૦, ૦૦૦ ગણો

098. નીચે આપેલ રસાયણો પર વિચાર કરો

(૧) બેન્ઝીન

(૨) કાર્બન ટેટ્રાક્લોરાઇડ

(૩) સોડિયમ કાર્બોનેટ

(૪) ટ્રાયક્લોરો એથીલીન

ઉપર પૈકી કોનો ઉપયોગ ડ્રાયક્લીનીંગમાં કરવામાં આવે છે.

(A) ફક્ત ૧ (B) ફક્ત ૨

(C) ફક્ત ૧, ૨ અને ૪ (D) ઉપરના બધા

099. પ્રસિધ્ધ વિરૂપાક્ષ મંદિર ક્યાં આવેલું છે?

(A) ભદ્રાચલમ (B) ચિદમ્બરમ (C) હમ્પી (D) શ્રીકાલહસ્તિ

100. નાગર, દ્રવિડ અને વેસર નીચે પૈકી શું છે?

(A) ભારતીય ઉપમહાદ્વીપના ત્રણ મુખ્ય જાતીય સમૂહ

(B) ભારતની ભાષાઓને જેમાં વિભક્ત કરી શકાય તેવા મુખ્ય ત્રણ ભાષાયી સમૂહ

(C) ભારતમાં પ્રચલિત ત્રણ મુખ્ય સંગીત ઘરાનાઓ

(D) ભારતીય મંદિર વાસ્તુશાસ્ત્રની ત્રણ મુખ્ય શૈલીઓ



PariksaPath · pariksapath.in